**પેટલાદના આવાસના લાભાર્થી સાથેની વાતચીત વાયરલ થતાં ખળભળાટ : ભ્રષ્ટાચારની મલાઇ ઉપર સુધી પહોંચી હોવાનું બહાર આવ્યું**

# પેટલાદ પાલિકાના ખાયકીના ખેલનો ઘટસ્ફોટ !

**તટસ્થ તપાસ થાય** તો કેટલાયના પગ નીચે ભ્રષ્ટાચારનો રેલો પહોંચી શકે છે !

(પ્રતિનિધિ) પેટલાદ તા.2

પેટલાદ નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી છેલ્લા આઠ વર્ષથી કાર્યરત છે. આ વિભાગના કર્મચારીઓ લાભાર્થીઓ પાસેથી રોકડ રકમ લેતા હોવાના આક્ષેપો અનેક વખત થયા હતા. આ આવાસ યોજના અંતર્ગત લાભાર્થી લાંચની રકમ આપે નહીં ત્યાં સુધી હપ્તા પણ જમા થતા નહીં હોવાની અનેક ફરીયાદો ઉઠવા પામી હતી. પરંતુ ચીફ ઓફીસર, પ્રમુખ સહિત સત્તાધિશોના પેટનું પાણી પણ હાલતું નથી. છેવટે આવાસ યોજનામાં થતાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. પાલિકાના વિભાગીય કર્મચારી અને લાભાર્થી વચ્ચે નાણાંની લેતીદેતી અંગેની એક ઓડિયો ક્લિપ વાયરલ થતાં પાલિકા કેમ્પસમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમાંય આ ભ્રષ્ટાચારની રકમ ઉપર સુધી પહોંચાડવા સંદર્ભે કર્મચારી વાત કરતાં ચૂંટણી ટાણે રાજકીય ગરમાવો આવી ગયો છે. જો આવાસના કામ અને લાભાર્થીઓ અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવામાં આવે તો અસંખ્ય ખોટા લાભાર્થીઓ અને ભ્રષ્ટાચારનો રેલો કેટલાયના પગ નીચે આવી શકે તેમ હોવાની વાત ચર્ચાસ્પદ બનવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ઘરવિહોણા લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના વર્ષ ૨૦૧૭-૧૮ માં શરૂ કરી હતી. આ યોજના હેઠળ લાભાર્થીને આશરે 250 ફુટ જેટલા બાંધકામ માટે રૂ.350000 આપવામાં આવતા હતા. આ રકમ લાભાર્થીને છ હપ્તે ચુકવવામાં આવતા હતા. પરંતુ એ માટે લાભાર્થીએ જેમ જેમ હપ્તા પોતાના બેંક ખાતામાં જમા થાય તેમ તેમ બાંધકામ કરી ફોટા પાડી પાલિકાના કર્મચારીને આપવાના હતા. જેથી આ કર્મચારી ફોટા સરકારની સાઈટ ઉપર અપલોડ કરે પછી બીજો હપ્તો લાભાર્થીના ખાતામાં જમા થાય. પરંતુ જો લાભાર્થી ફોટા થઈ ગયા પછી પણ કર્મચારીનું તરભાણું ના ભરે તો હપ્તો પડતો નહીં હોવાની પણ અસંખ્ય ફરીયાદો ગત વર્ષો દરમ્યાન ઉઠવા પામી હતી. છતાં આ કર્મચારી ઉપર કેટલાય રાજકીય આગેવાનોના છુપા આશિર્વાદ હતા. આ યોજના અંતર્ગત પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારના આશરે 700 જેટલા લાભાર્થીઓને પ્રથમ તબક્કાનો લાભ મળ્યો હતો. ત્યારબાદ વર્ષ 2024 માં કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના - 2 જાહેર કરી. જેમાં લાભાર્થી માટે રકમ વધારી રૂ.400000 કરવામાં આવી હતી. જે અન્વયે જાન્યુઆરી 2025 થી લાભાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરાવવાના શરૂ થયા હતા. અત્યાર સુધીમાં આવાસ યોજના 2 અંતર્ગત લગભગ 1100 જેટલી ઓનલાઈન અરજીઓ લાભાર્થીઓ દ્વારા થઈ હોવાનું જાણવા મળે છે. જો કે આ યોજના હેઠળ લક્ષ્યાંક 800 નો છે. જે પૈકી પ્રથમ 200 અરજીઓ મંજુર થતા તેઓને લાભ મળવો શરૂ થઈ ગયો છે. જો કે યોજના 2 નો લાભ મેળવવા લાભાર્થીએ પ્લીન્થ સુધીનું બાંધકામ પોતાના ખર્ચે કરી ફોટા અપલોડ થાય પછી જ હપ્તા જમા કરવામાં આવે છે.

આમ યોજનાના લાભાર્થીઓ માટે પાલિકાના કર્મચારી નટવરભાઈ સઘળી કામગીરી સંભાળે છે. જ્યારથી આવાસ યોજના શરૂ થઈ છે ત્યારથી અત્યાર સુધીમાં નટવરભાઈ ઉપર ભ્રષ્ટાચારના અસંખ્ય આક્ષેપો અને તેઓની વિરૂદ્ધ ફરીયાદો થઈ હોવાનું જગજાહેર છે. પરંતુ પાલિકાના પ્રમુખ સહિત કેટલાક સત્તાધિશો અને અધિકારીઓ નટવરભાઈ ઉપર ઓળઘોળ છે. જેથી તેઓ લાભાર્થીઓ પાસે બિન્દાસ રીતે ખાયકી કરી લેતા હતા. તાજેતરમાં આ કર્મચારી નટવરભાઈ સાથે એક લાભાર્થીની વાતચીતનો ઓડિયો વાયરલ થયો છે. જેમાં નટવરભાઈ સ્પષ્ટ રીતે કહે છે કે આવાસ દીઠ ચાર હપ્તાના રૂ.5000 લેખે રૂ.20000 આપવા જ પડશે. જ્યારે હપ્તો જમા થાય ત્યારે રૂ.5000 આપવા પડશે. આ રકમ ઉપર સુધી મોકલવાની હોય છે. જો ઉપર રકમ ના પહોંચે તો હપ્તા પડતા નથી. આ ઓડિયો ક્લિપથી પાલિકા કેમ્પસમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવામાં આવે તો કેટલાયના પગ નીચે રેલો પહોંચી શકે તેમ હોવાની વાતોએ જોર પકડ્યું છે.

### નટવરભાઈના ગલ્લા તલ્લા

આ ઓડિયો ક્લિપ સંદર્ભે નટવરભાઈને પૂછતાં તેઓએ કંઈપણ કહેવાનું ટાળ્યું હતુ. ઉપરાંત નાણાંની લેતી દેતી, નાણાં ઉપર સુધી પહોંચાડવા બાબતે પણ તેઓએ કામમાં વ્યસ્ત હોવાના બહાના હેઠળ કોલ કાપી નાખ્યો હતો.

### કરોડોના ભ્રષ્ટાચારની શંકા !

પ્રધાનમંત્રી આવાસ યોજના 1 અંતર્ગત આશરે 700 જેટલા લાભાર્થીઓને લાભ મળ્યો હતો. એટલે રૂ.350000 લેખે કુલ રૂ.24 કરોડ જેટલી રકમ થાય. હવે યોજના 2 અંતર્ગત અત્યાર સુધીમાં 200 મંજુર થઈ ગયા છે અને 216 ની પ્રોસેસ ચાલુ છે. કુલ 800 નો લક્ષ્યાંક છે. એટલે રૂ.400000 લેખે કુલ રૂ.32 કરોડ જેટલી રકમ લાભાર્થીઓને ફાળવાશે. એટલે કે પ્રધાનમંત્રી આવાસ યોજના 1 અને 2 હેઠળ અંદાજીત 1500 લાભાર્થીઓને લાભ મળશે. જો લાભાર્થી પાસેથી રૂપિયા દસ હજારથી પચ્ચીસ હજાર સુધીની રકમ લેવામાં આવતી હોય તો ભ્રષ્ટાચારનો આંકડો કરોડો સુધી પહોંચી શકે છે. ભ્રષ્ટાચારની આ રકમ કેટલા કર્મચારીઓ, અધિકારીઓ, નેતાઓ સુધી પહોંચી એ તો તપાસ થાય તો જ ખબર પડી શકે !

---

**તપાસ તટસ્થ ન હોવાની અને પુરાવાઓના અભાવે એકતરફી કાર્યવાહી પર કોર્ટની લાલ આંખ**

# નડિયાદના કોંગ્રેસ પ્રમુખ સામેની એટ્રોસીટીની ફરિયાદ પર સ્ટે અપાયો

**પોલીસ તપાસ સામે** આકરા સવાલો, ડેપ્યુટી કમિશનરના નિવેદને ફરિયાદના પાયા ડગમગાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને તેમના સાથીઓ સામે વર્ષ 2025માં નોંધાયેલી એટ્રોસીટીની ફરિયાદમાં ગુજરાત હાઈકોર્ટે કાયદાકીય કાર્યવાહી પર મનાઈહુકમ ફરમાવ્યો છે. સોમવારે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે અવલોકન કર્યું હતું કે આ ફરિયાદ ખોટી રીતે અને જાણીજોઈને ઊભી કરવામાં આવી હોય તેમ જણાય છે. તત્કાલિન ડેપ્યુટી કમિશનરના નિવેદન અને પુરાવાઓ તપાસતા સ્પષ્ટ થયું છે કે હાર્દિક ભટ્ટ ઓફિસની બહાર જ નીકળ્યા ન હોવાથી તેમની સામેના આક્ષેપો પાયાવિહોણા ઠરે છે.

નડિયાદ મહાનગરપાલિકામાં કર્મચારીઓના પીએફ અને ઈએસઆઈ મુદ્દે રજૂઆત દરમિયાન થયેલી બોલાચાલી બાદ ભાજપના કાઉન્સિલરના સંબંધીએ આ ફરિયાદ કરી હતી. હાઈકોર્ટે આ કેસમાં તપાસની ગુણવત્તા પર સવાલ ઉઠાવતા નોંધ્યું હતું કે નડિયાદ ટાઉન પોલીસ પૂરતા પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી છે અને માત્ર મૌખિક નિવેદનોના આધારે ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે. આ કેસમાં હાઈકોર્ટે તપાસ અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષકની ભૂમિકા પર સવાલ ઉઠાવતા નોંધ્યું કે, બંને પક્ષોની હાજરી હોવા છતાં સામા પક્ષે થયેલા હુમલા અંગે ફરિયાદ કેમ ન નોંધી ? કોના દબાણ હેઠળ માત્ર એકપક્ષીય કાર્યવાહી કરવામાં આવી તે બાબત પણ કોર્ટે ધ્યાને લીધી છે.

### હાઈકોર્ટે મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા

- પોલીસે વીડિયો ઉતારતા સાહેદોના મોબાઈલ તપાસના કામે કબ્જે લીધા નથી.
- સામાપક્ષે આપેલી લેખિત ફરીયાદ અંગે પોલીસે FIR નોંધી નથી.
- પોલીસે તટસ્થ તપાસ કરી નથી.
- ફરીયાદના આરોપી ઓફીસમાંથી બહાર નીકળ્યા નથી.
- ફરીયાદના આરોપી જાતિવાચક શબ્દો બોલ્યા તે અંગેના કોઈ નક્કર પુરાવા પોલીસે રજૂ કર્યા નથી.
- ફરીયાદના આરોપી ડીવાયએસપીના પ્રોટેક્શનમાં ઓફીસની બહાર નીકળી ઘરે પહોંચ્યા છે.
- ઘટનાના દિવસે મનપાના એક પણ સીસીટીવી ચાલુ નહોતા.
- બપોરે 12થી 1.30 વાગ્યાની ઘટનામાં ફરીયાદી અને સાહેદોએ સાંજે 7 વાગે મેડીકલ રીપોર્ટ કરાવ્યો.
- હર્ષિલ પટેલનું નિવેદન વીડિયો પુરાવામાં ખોટુ હોવાનું ફલિત થયુ.

## આણંદમાં વૃદ્ધના નવ હજાર ચોરાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ શહેરના મહેન્દ્ર શાહ રસ્તા પરથી ગુજરાતી ચોક તરફ જતા માર્ગ પર રીક્ષામાં બેઠેલા વૃદ્ધનું ખિસ્સુ કપાયું હતું.

ઉમરેઠના અંબીકાનગરમાં રહેતા અનિરૂદ્ધસિંહ બલભદ્રસિંહ પરમાર (ઉ.વ.64) ગાંધીનગર તેમના દિકરાના ઘરે ગયાં હતાં. જ્યાંથી 1લી માર્ચના રોજ આણંદ આવ્યાં હતા અને મહેન્દ્ર શાહ સર્કલ પાસે ઉતર્યાં હતાં. બાદમાં તેઓ સુપર માર્કેટમાં જવા રીક્ષામાં બેઠાં હતાં. આ સમયે રીક્ષા ચાલકે તેમને બાજુમાં બેસાડ્યાં હતાં. પરંતુ થોડે આગળ લઈ જઈ રીક્ષા ઉભી રાખી હતી અને ભાડાના પૈસા નથી જોઈતા તેમ કહી અનિરૂદ્ધસિંહને ઉતારી જતો રહ્યો હતો. જોકે, થોડા સમય બાદ ખીસ્સામાં તપાસ કરતાં તેમનું પાકીટ ચોરાઈ ગયું હતું. આ પાકિટમાં રૂ.9 હજાર અને અગત્યના ડોક્યુમેન્ટ હતાં. જેની ચોરી થઇ હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો હતો.

---

**પોલીસ અધિકારીઓએ રણછોડરાયજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું**

# ડાકોરના ઠાકોરના શિખરે પોલીસ વિભાગે ધ્વજા ચડાવી

**રાજ્યની સુખાકારી** અને કાયદો - વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બને તેવા હેતુ સાથે વિશેષ પ્રાર્થના કરાઇ



(પ્રતિનિધિ) નડિયાદ તા.2

યાત્રાધામ ડાકોરમાં બિરાજમાન ભગવાન રણછોડરાયજીના સુપ્રસિદ્ધ મંદિરે પોલીસ વિભાગ દ્વારા પરંપરાગત રીતે ભક્તિભાવપૂર્વક ધ્વજા અર્પણ કરવામાં આવી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે, શાંતિ જળવાઈ રહે અને નાગરિકો નિર્ભય બનીને રહી શકે તેવા ઉમદા હેતુ સાથે પોલીસ કાફલાએ વિશેષ પૂજા-અર્ચના કરી પ્રભુના આશીર્વાદ મેળવ્યા હતા.

ડાકોર મંદિરના શિખર પર પોલીસ વિભાગ વતી ધ્વજા ચડાવવાની પ્રક્રિયા અત્યંત ભક્તિમય માહોલમાં સંપન્ન થઈ હતી. આ પ્રસંગે મંદિરના પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન કરાવાયું હતું, ત્યારબાદ પોલીસ બેન્ડ અને વાજિંત્રોના સૂર સાથે ધ્વજાજીની શોભાયાત્રા મંદિર પરિસરમાં ફેરવવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર અને 'જય રણછોડ માખણ ચોર'ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું.

આ આયોજન અંગે પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, જનતાની સેવા અને સુરક્ષાની જવાબદારી નિભાવતા સમયે ઈશ્વરની શક્તિ અને આશીર્વાદની હરહંમેશ જરૂર રહેતી હોય છે. ફરજની સાથે આધ્યાત્મિકતાનો સંગમ ધરાવતા આ પ્રસંગમાં ઉચ્ચ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. મંદિરના શિખર પર પોલીસની ધ્વજા લહેરાતી જોઈ અન્ય શ્રદ્ધાળુઓ પણ ભાવવિભોર બન્યા હતા.

### ડાકોરના માર્ગો પર પદયાત્રીઓનું મહેરામણ



ડાકોરમાં રાજા રણછોડરાયના દર્શન કરવા માટે હોળી-ધુળેટી પર્વે પદયાત્રીઓનો ભારે પ્રવાહ જોવા મળી રહ્યો છે, જેમાં અમદાવાદનો મૂર્તિ કલાકારોનો સંઘ ભવ્ય રથ અને આકર્ષક પ્રતિમા સાથે જોડાયો છે,. આ સંઘમાં 121 ભક્તો પરંપરાગત ગણવેશમાં સજ્જ થઈ, ઢોલ-નગારાના તાલે અને 'જય રણછોડ'ના નાદ સાથે બે દિવસની પદયાત્રા કરી ડાકોર પહોંચી રહ્યા છે. વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસન અને સ્થાનિક પોલીસ દ્વારા દર્શનાર્થીઓની સુવિધા માટે ચુસ્ત સુરક્ષા અને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

### પદયાત્રીઓમાટેમાનસચેરીટેબલટ્રસ્ટદ્વારાચોથાસેવાકેમ્પનુંઆયોજન



નડિયાદના માનસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડાકોર જતાં પદયાત્રીઓ માટે ચોથા સેવા કેમ્પનું આયોજન કરી ગરમ લાઈવ ઢોકળા અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્ઘાટન ખેડા જિલ્લા પોલીસ વડા વિજયભાઈ પટેલ અને વડતાલના ત્યાગસ્વામી સહિતના મહાનુભાવો દ્વારા વિધિવત પૂજા કરીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ પંચાલ, સ્વાતિબેન પંચાલ અને અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી પદયાત્રીઓની સેવા કરી હતી. આ સેવા યજ્ઞમાં સહભાગી થયેલા તમામ કાર્યકર્તાઓનો ટ્રસ્ટ દ્વારા હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

---

### ચરોતર પંથકમાં હોળી પર્વની ભવ્ય ઉજવણી



ચરોતર વિસ્તારમાં પણ હોળીના પર્વની પરંપરાગત અને ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના ગામડાઓથી લઈને શહેરો સુધી ધાર્મિક પરંપરાઓ મુજબ હોળી દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ચરોતરના ગામેગામ અને સોસાયટીઓમાં વસવાટ કરતા લોકોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે હોળી પ્રગટાવવામાં આવી હતી. સ્થાનિકો દ્વારા મંત્રોચ્ચાર, પૂજા અને આરતી સાથે અગ્નિ પ્રગટાવી હોળી દહન કરવામાં આવ્યું હતું. હોળીની પ્રદક્ષિણા કરી લોકોએ શ્રીફળ, હારડા અને ધાણી-ખજૂરનો પ્રસાદ ચઢાવી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી. સમગ્ર પંથકમાં હોળીના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી, જેના કારણે વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું.આણંદ અને ખેડા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા બાદ યુવાનો અને વડીલોએ મહિલાઓએ પારંપરિક હોળીના ગીતો સાથે પ્રદિક્ષણા કરી હતી.

## બોરસદમાં કારની ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.3

બોરસદના જંત્રાલ - વિરસદ રોડ પર પૂરપાટ ઝડપે જતી કારે બાઈકને ટક્કર મારી હતી. જેના કારણે બાઈક ચાલક યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે અસ્માતમાં મૃતક યુવકના ભાભી અને દિકરીને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

બોરસદના કસારી રોડ પર રહેતાં ગણપતભાઈ ભીમસંગભાઈ પરમારને બે પુત્રોમાં હરેશ ઉર્ફે પિન્ટો (ઉ.વ.32) અને નાનો સંજય (ઉ.વ.30) છે. જોકે, હરેશના લગ્ન બાદ તેમને બે દિકરીનો જન્મ પણ થયો હતો. બાદમાં છુટાછેડા થઇ ગયાં હતાં. દરમિયાનમાં હરેશ 1લી માર્ચના રોજ ઘરેથી બાઇક લઇ નિકળ્યો હતો. પરંતુ થોડા સમય બાદ જાણ થઈ હતી કે, વિરસદથી જંત્રાલ તરફ જતા રસ્તા પર પુરપાટ ઝડપે જતી કાર નં.જીજે 23 સીએચ 6268ના ચાલકની બેદરકારીથી હરેશની બાઈક સાથે અકસ્માત થયો છે. આ અકસ્માતમાં હરેશને ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મોત નિપજ્યું છે. જ્યારે બાઈક પાછળ બેઠેલા તેના ભાભી જ્યોત્સનાબહેન અને દિકરી પ્રિયાને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં છે.

આથી, ગણપતભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં. આ અંગે પૂછતાં જંત્રાલથી વિરસદ તરફ પુરપાટ ઝડપે જતી કાર સાથે હરેશની બાઈકને અકસ્માત થતાં અકસ્માત સર્જાયો હતો. આ અંગે વિરસદ પોલીસે ગણપતભાઈની ફરિયાદ આધારે અકસ્માત સર્જનાર કાર નં.જીજે 23 ઈજી 5685ના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

---

# સરદાર પટેલ યુનિ. દ્વારા 5 સ્ટાર્ટઅપ માટે 5 .97 લાખની સહાય

**યુનિવર્સિટીની** 'નવાધારા' એકમની બેઠકમાં 8 પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરાયું



(પ્રતિનિધિ) આણંદ તા.2

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'વિચારથી વિકાસ સુધી'ના મંત્રને સાર્થક કરતા યુવા સંશોધકોને પ્રોત્સાહન આપવા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. યુનિવર્સિટી હેઠળ કાર્યરત એસપીયુ - એસએસઆઈપી 'નવાધારા' એકમની બેઠકમાં 8 પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી તેમાંથી 5 શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સને કુલ 5.97 લાખની આર્થિક સહાય અને બૌદ્ધિક સંપત્તિ અધિકાર માટેની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. આ અંગે શૈક્ષણિક અને તકનીકી નિષ્ણાતોની હાજરીમાં લેવાયેલા આ નિર્ણયો યુવા સંશોધકોમાં ઉદ્યમશીલતા વધારી આત્મનિર્ભર ભારત તરફ દોરી જશે.

### પર્યાવરણપ્રેમી બાયો-લેધર અને સ્માર્ટ સોલર ડ્રાયર

કૃષિ અને ટેકનોલોજીના સમન્વય સાથે સ્નેહા નાયરની ટીમે એ.આઈ. આધારિત હાઇબ્રિડ સોલર ડ્રાયર વિકસાવ્યું છે, જે ઊર્જાની બચત સાથે ખેત ઉત્પાદનોને ઝડપથી સુકવશે. બીજી તરફ, આણંદની સાયન્સ ઇન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થિનીઓએ પ્રાણીહિંસા રહિત 'બાયો-લેધર' તૈયાર કર્યું છે, જે પરંપરાગત ચામડાના મજબૂત અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે ઉભરી આવશે.

### જીવરક્ષક 'કવચ' ઘડિયાળ

ટેક્નોલોજી ક્ષેત્રે BVMના વિદ્યાર્થીએ સામાન્ય સીસીટીવીને એ.આઈ. દ્વારા સ્માર્ટ સર્વેલન્સમાં રૂપાંતરિત કરવાની પદ્ધતિ શોધી છે. આરોગ્ય ક્ષેત્રે આણંદ કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ 'કવચ હેલ્થ ગાર્ડિયન' ઘડિયાળ બનાવી છે, જે દર્દીના બાયો-સિગ્નલ ટ્રેક કરી ઈમરજન્સીમાં આપમેળે મદદ માટે કોલ કે એસએમએસ મોકલશે.

### ખેડૂતો માટે 'કિસાન પ્લસ'

ધ્રુવ શાહ દ્વારા વિકસિત 'કિસાન પ્લસ' એપ ખેડૂતોને બજાર ભાવ, જમીન સ્વાસ્થ્ય અને 'કૃષિ રીલ્સ' દ્વારા આધુનિક ખેતીનું માર્ગદર્શન આપશે. આ ઉપરાંત, સમિતિએ બાળકો માટે પર્યાવરણમૈત્રી ક્રેયોન, સેન્સરી ગ્લોબ અને શૈક્ષણિક નિરાશા માપન માપદંડ જેવી અન્ય ૫ મહત્વની બૌદ્ધિક સંપત્તિ અરજીઓને પણ લીલી ઝંડી આપી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225